# ભાજપ પુનઃ રામ મંદિરના શરણે

લખનૌ,તા.૬

લોકસભાની ચૂંટણી આડે થોડોક સમય રહ્યો છે ત્યારે ભાજપે ફરી એકવાર રામ મંદિરનો મુદ્દો ઉઠાવ્યો છે. ભાજપના મહામંત્રી અને પક્ષના મામલાઓના ઉત્તરપ્રદેશના પ્રભારી અમિત શાહે આજે કહ્યુ હતુ કે સુશાસનની સાથે સાથે રામ મંદિર નિર્માણ પક્ષની પ્રાથમિકતાઓમાં સામેલ છે. અયોધ્યાની મુલાકાત લીધા બાદ અમિત શાહે ભવ્ય રામ મંદિરના નિર્માણની જાહેરાત કરી હતી. વિવાદાસ્પદ રામ જન્મભૂમિમાં પ્રતિષ્ઠાપિત રામ લલ્લાના દર્શન બાદ શાહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે પક્ષની પ્રાથમિકતાઓમાં સુશાસનની સાથે સાથે રામ મંદિર નિર્માણ પણ સામેલ છે. તેમણે દર્શન કરતીવેળા રામ લલ્લાને પ્રાર્થના કરી હતી કે રામલલ્લાનું ભવ્ય મંદિર ટૂંકમાં નિર્માણ પામે. તેમણે એમ પણ કહ્યુ હતુકે રામ મંદિર ક્લોઝ ટુ હાર્ટ છે. પક્ષ દેશમાં સુશાસનની સાથે સાથે રામમંદિર નિર્માણની દિશામાં આગળ વધવા માંગે છે. રામ લલ્લાના દર્શન બાદ અમિત શાહે અહીંના પ્રસિદ્ધ હનુમાનગઢીના દર્શન કર્યા હતા. શાહે ઉમેર્યુ હતુ કે



કોંગ્રેસની મુક્તિ મળે તે જરૂરી છે. કોંગ્રેસથી જ્યાં સુધી મુક્તિ મળશે નહીં ત્યાં સુધી દેશમાં સંતુલિત વિકાસ થશે નહીં. ભ્રષ્ટાચાર ખતમ થશે નહીં. તમામને રોજગારની વ્યવસ્થા પણ થસે નહીં. કોંગ્રેસે પોતાના હિતો માટે દેશમાં તંગદિલી ફેલાવવાના અનેક વખત પ્રયાસો કર્યા છે. આ પ્રસંગે હાજર પક્ષના પ્રદેશ અધ્યક્ષ લક્ષ્મીકાંત વાજપેયીએ કહ્યુ હતુકે રામમંદિર નિર્માણ માટે ભાજપની કેન્દ્રમાં સંપૂર્ણબહુમતિવાળી સરકાર આવે તે જરૂરી છે. સંપૂર્ણ બહુમતિની સરકાર બનતાની સાથે જ મંદિરનું નિર્માણ કામ શરૂ કરવામાં આવશે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નજીકના સાથી અમિતશાહે રામ લલ્લા અને હનુમાનગઢીમાંદર્શન કર્યા બાદ વિશ્વ હિન્દુ પરિષદની ઓફીસ કારસેવકપુરમમાં પક્ષના પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ફૈજાબાદ, દેવીપાટન, બસ્તીના સાંસદો, ધારાસભ્યો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાહે આ અગાઉ બીજી જુલાઈના દિવસે મેરઠમાં પશ્ચિમ ક્ષેત્રની બેઠક યોજી હતી. આવતીકાલે અમિતશાહ ગોરખપુર જશે. પક્ષના બુથસ્તરે સંગઠનને મજબુત કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. સૂત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ભાજપ લોકસભામાં ઉત્તરપ્રદેશની કુલ ૮૦ પૈકી ૪૫ બેઠકો જીતવાની યોજના ધરાવે છે. પ્રદેશના પ્રદેશસહ પ્રભારી રામેશ્વર ચૌરસિયા કાશી ક્ષેત્રના બીજા અધિકારી કુષવા સાથે મિટિંગ કરશે. શાહ સમગ્ર પ્રદેશમાં બેઠક યોજવાની યોજના ધરાવે છે. મંદિરમાં પ્રાર્થના કર્યા બાદ અમિતશાહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુકે તેઓ ભાજપની અવધપ્રાંતની બેઠકમાં હાજરી આપવા માટે પહોંચ્યા છે. શાહની આ હિલચાલને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આગામી લોકસભાની ચૂંટણી માટે કોમવાદી આધાર પર લોકોના ધ્રુવિકરણ માટે હિન્દુત્વના એજન્ડા પર પુનઃ પરત ફરવા ઈચ્છુક છે. ઉત્તરપ્રદેશના રાજકારણમાં હાલ રાજકીય ગરમી જામી છે. ઉત્તરપ્રદેશના ભાજપ એકમના પ્રમુખ લક્ષ્મીકાંત સહિતના ભાજપના નેતાઓ કહી ચુક્યા છે કે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કરવામાં આવશે. રામમંદિરનો મુદ્દો અમારા એજન્ડામાં છે.

## મુલાયમ સાથે જાહેરમાં ચર્ચા કરવા બેનીપ્રસાદનો પડકાર

લખનૌ, તા. ૬

વરિષ્ઠ કોંગી નેતા તથા કેન્દ્રિય મંત્રી બેનીપ્રસાદે આજે આરોપ મૂકયો હતો કે સપા અને ભાજપ બંને રાજકીય રીતે મળેલા છે. એટલું જ નહીં.

બાબરી મસ્જિદનું માળખું તોડી પાડવામાં બંને પક્ષોએ ષડયંત્ર રચ્યું હતું જો આ અંગે સપાના પ્રમુખને વાંધો હોય તો તેઓ જાહેર મંચ પર સવાલ જવાબ કરવા માટે તૈયાર છે. સમાજવાદી પક્ષ (સપા)ના સંસ્થાપકોમાના એક રહેલા પોલાદ મંત્રી વર્માએ જણાવ્યું હતું કે, સપા અને ભાજપા ૧૯૯૦માં રાજકીય રીતે એકબીજા સાથે મળેલા હતા તેથી હિન્દુ અને મુસ્લિમ વોટનું ધ્રુવીકરણ થઈ શકે અને બંને પક્ષો પોત પોતાનું રાજકીય હીત સાધતા રહે.

તેમણે પડકાર આપતા જણાવ્યું હતું કે જો સપા પ્રમુખ મુલાયમસિંહ યાદવને મારા આ નિવેદન અંગે વાંધો હોય તો હું આ બાબત અંગે જાહેરમાં ખુલ્લા મંચ પર તેમની સાથે ચર્ચા કરવા તૈયાર છું.

મારા સવાલના જવાબ આપી દે અને હું તેમના સવાલના જવાબ આપી દઈશ. પરંતુ હવે તેઓ દેશની જનતા અને ખાસ કરીને મુસ્લિમ લોકોને ગેરમાર્ગે દોરવાનું તથા તેમના હિતેચ્છુ હોવાનું જણાવવાનું બંધ કરી દે. વર્માએ જણાવ્યું હતું કે, ભાજપ અને સપાની જુનો આંતરીક સંબંધ છે.

ભાજપના વરિષ્ઠ નેતા અડવાણીને દેશના રાજકારણમાં સત્ય બોલવાનું પ્રમાણપત્ર મુલાયમસિંહ દ્વારા અપાય તેમજ બાબરી મસ્જિદનું માળખું તોડી પાડવા બદલ આરોપી કલ્યાણસિંહનો પક્ષમાં સમાવેશ કરવામાં આવે, સાક્ષી મહારાજને સાંસદ બનાવવામાં આવે આ તેમના નિવેદનના જાહેર સમર્થન છે.જો આ ખોટું હોય તો સપા સુપ્રીમો તેનો જવાબ આપે.

## સંઘના પ્રમુખ ભાગવત સાથે રાજનાથસિંહની લાંબી ચર્ચા

નાગપુર,તા.૬

ભાજપના વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણીએ નાગપુરમાં સંઘની ઓફીસમાં હાજરી આપ્યા બાદ આજે પક્ષ પ્રમુખ રાજનાથસિંહ પણ પહોંચ્યા હતા અને પક્ષના પ્રમુખ મોહન ભાગવત સાથે વાતચીત કરી હતી. ગુરુવારના દિવસે પક્ષના પૂર્વપ્રમુખ મુરલીમનોહર જોષી પણ ભાગવત અને ભૈયાજી જોષીને મળ્યા હતા. સંઘની ઓફીસમાં ભાજપના વરિષ્ઠનેતાઓ સાથે વાતચીત કરવામાં આવી હતી. એમ માનવામાં આવે છે કે નવી વ્યૂહરચના પર હાલ ચર્ચા કરવામાં આવી રહી છે. નરેન્દ્ર મોદીના વધતા જતા કદ વચ્ચે પક્ષના ટોચના નેતાઓ ફરી એકવાર સંઘના નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છે. અડવાણી જે રીતે શુક્રવારે સંઘની



ઓફીસ પર પહોંચ્યા હતા અને ત્યારબાદ મોદી પ્રત્યે હળવું વલણ અપનાવી રહ્યા હતા તેનાથી એમ લાગી રહ્યુ છેકે હવે મોદી અને અડવાણી સાથે મળીને કામ કરશે અને સંઘે આ સંબંધમાં જરૂરી સૂચના આપી દીધી છે. અડવાણીએ સંઘની સાથે પોતાના સંબંધોનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે જ્યારે તેઓ ૧૪ વર્ષના હતા ત્યારથી જ આરએસએસ સાથે સંકળાયેલા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સંઘના નેતા ભૈયાજી જોષી સાથે તેમની ચર્ચા થઈ છે. દરમિયાન રાજનાથસિંહે સંઘના વડા સાથે વાતચીત કર્યા બાદ કહ્યુ હતુ કે ભાજપ ફુડ સિક્યુરિટી બિલનો કોઈ વિરોધ કરશે નહીં. સિંહે એમ પણ કહ્યુ હતુ કે સંસદમાં આ બિલના પસારને કોઈ વિરોધ કરાશે નહીં પરંતુ બિલમાં સુધારા માટેની માંગણી કરશે. સંઘની ઓફીસ પર મોહન ભાગવત સાથે બેઠક યોજ્યા બાદ રાજનાથસિંહે કહ્યુ હતુકે સંસદના આગામી મોનસૂન સત્રમાં ફુડ બિલનો કોઈ વિરોધ કરવામાં આવશે નહીં. ચોક્કસ સુધારા ભાજપ ઈચ્છે છે. ભાજપ કેવા પ્રકારના સુધારાની ઈચ્છા ધરાવે છે તેવા પ્રશ્નના જવાબમાં રાજનાથસિંહે કોઈ વાત કરી નથી. બિલને લાવવામાં વિલંબના પ્રશ્ને રાજનાથસિંહે કહ્યુ હતુકે યુપીએના નેતૃત્વમાં કોંગ્રેસ સરકાર બિલને પસાર કરવામાં બિન જરૂરી સમય લઈ રહી હતી. હવે વટહુકમ પણ લાવવામાં આવ્યો છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આ વટહુકમ લવાયો છે. રાજનાથસિંહ અને સંઘના નેતાઓની બેઠક મહત્વપૂર્ણ છે.

## રૂપિયાને સ્થિર રાખવા ઘણાં પગલાં લેવા પડશે

નવી દિલ્હી,તા.૬

અમેરિકા બોન્ડ ખરીદી યોજના બંધ કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. જો અમેરિકા આ યોજના મુજબ આગળ વધશે તો ભારતને તકલીફ થઈ શકે છે. જાણકાર નિષ્ણાંતો આ પ્રકારનો અભિપ્રાય આપી રહ્યા છે. દિલ્હી સ્ટોક એક્સચેન્જના ભૂતપૂર્વ અધ્યક્ષ બી બી સહાનીના જણાવ્યા મુજબ જો અમેરિકી ફેડરલ બોન્ડ ખરીદી યોજનાને સપ્ટેમ્બર મહિનાથી યોજનાપૂર્વક આગળ વધારશે તો ભારતને ડૉલરની સરખામણીમાં રૂપિયાને એક સ્તરે સ્થિર રાખવા માટે નવી રણનીતિ અપનાવી પડશે. સાથે સાથે શેરબજારમાં અમેરિકી મૂડીરોકાણકારોની રકમ વધશે.

## સમાચાર ઝલક

- થરાદ તાલુકામાં એક પુરૂષને સ્ત્રીનાં કપડાં પહેરાવી વળાવી દેતા ચકચાર.
- વંદના ગાંધી દુબઇ સરકારને પ્રતિષ્ઠિત એમિરેટ્સ વુમન એવોર્ડ મેળવનાર સૌ પ્રથમ ભારતીય મહિલા.
- સંસદ સભ્યો, પ્રધાનો, ચેરમેનોનાં સરકારી બંગલાઓ, આવાસો નિવૃત્તિ બાદ એક માસમાં ખાલી થવા જોઇએ, સુપ્રીમની લાલ આંખ.
- જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓ પ્રવૃત્તિમાં વધારો થયો.
- ઉત્તરાખંડમાં લાપત્તા શ્રદ્ધાળુઓ શોધવાની મહેતલ ૧૫મી જુલાઇ સુધી જ, બાદમાં મૃત જાહેર કરાશે.
- ધરતી પરથી કાચબા અદૃશ્ય થઇ જશે, કિનારા પર સિમેન્ટ પ્લાસ્ટીક ફેંકવાથી કાચબાનો ઘટાડો થઇ રહ્યો છે.
- રાજસ્થાનમાં ૩૪ એમ.બી.એ.કોલેજો બંધ કરવાની ફરજ, મેનેજમેન્ટ કોલેજોને મુશ્કેલી.
- અમદાવાદ જિલ્લાના કમીજલા ગામે અમદાવાદ ડીસ્ટ્રીક્ટ બેંકમાંથી રૂા. ૨૭ લાખ ભરેલી તિજોરી ઉઠાવી ગયા.
- લખન ભૈયા નકલી અથડામણ ૧૩ પોલીસવાળા સહિત ૨૧ દોષિત જાહેર.
- દેશભરમાં ૩ દિવસમાં ભારે વરસાદની આગાહી.
- પતિયાલાના મહારાજાનો ડીનર સેટ ૧.૯૬ મિલિયન પાઉન્ડમાં વેચાયો.
- બિભત્સ ડાન્સ મામલે હોટલનાં માલિકને પોલીસ સન્મસ.
- ક્રિકેટર અશોક ડિન્ડા ૨૨મી જુલાઇએ લગ્ન કરશે.
- કાર ઉદ્યોગને રૂપિયો ભારે પડ્યો, ભાવવધારો અનિવાર્ય બનશે.
- વરસાદ મોસમ વિભાગની આગામી મુજબ વરસતો નથી.
- રોમીંગ ચાર્જમાં ૨૫ ટકાનો ઘટાડો કરતું બીએસએનએલ.
- રાજુલામાં ચાલુ કલાસે ૧૩ વર્ષની વિદ્યાર્થીની હાર્ટ એટેકથી મોત. તે જોઇ બાજુમાં એક વિદ્યાર્થીની બેભાન થઇ ગઇ.
- જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવાની ગણતરીમાં ૧૧૩૦ ચીજોનો સમાવેશ, તેમાં ચોકલેટ, નુડલ્સ, બેટ-બોલ વગેરે.
- બેંકો થાપણદારોને વર્ષે ૨૫૦ કરોડનો ચુનો ચોપડે છે.
- રેલ્વે એસ.એમ.એસ. દ્વારા બુકિંગને નબળો પ્રતિસાદ સાંપડ્યો.
- પ્રોવિડન્ટ ફંડમાં પણ રૂા. ૩૪૫૦ કરોડનું કૌભાંડ
- કોઇ પણ ઇમરજન્સી સેવા માટે હવે એક જ ફોન નંબર લાગુ પડશે.
- દિલ્હી 'રેપ કેપીટલ' દરરોજ ૪ બળાત્કાર નોંધાય છે.

## ગ્રામીણ વિકાસ માટે બિહારને આખરે ૪૧૩૦ કરોડનું પેકેજ

પટણા,તા.૬

ગ્રામીણ વિકાસ પ્રધાન જયરામ રમેશે બિહારમાં ગ્રામીણ વિકાસ માટે ૪૧૩૦ કરોડના ખાસ પેકેજની આજે જાહેરાત કરી હતી. પત્રકારો સાથે વાતચીત કરતા જયરામ રમેશે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર બિહારમાં ગ્રામીણ વિકાસ માટે આ રકમ ઉપલબ્ધ કરાવશે. પ્રધાન વિકાસના પ્રોજેક્ટોની સમીક્ષા કરવા માટે રાજ્યની બે દિવસની યાત્રાએ પહોંચ્યા હતા. રમેશે કહ્યુ હતુ કે છેલ્લા ૧૨ વર્ષમાં બિહારના ગ્રામીણ વિકાસ માટે જાહેર કરવામાં આવેલા પેકેજ પૈકીના સૌથી મોટા પેકેજ તરીકે આ પેકેજ છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ગરીબી રેખા નીચેના લોકોને સામાજિક કલ્યાણ કાર્યક્રમ ઈન્દિરા આવાસ યોજના હેઠળ મકાનોની ફાળવણી કરવામાં આવશે. આ યોજના પહેલી એપ્રિલ ૨૦૧૩થી શરૂ કરાશે. બિહારમાં તમામ રાજકીય પક્ષો લોકસભાની ચૂંટણી પહેલા ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા



છે. ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસ દ્વારા બિહાર પર નજર કેન્દ્રિત કરી દેવામાં આવી છે. ભાજપ અને જનતાદળ યુનાઈટેડ વચ્ચે જુના સંબંધો તૂટી ગયા બાદ એક બાજુ ભાજપે બિહારમાં પક્ષની સ્થિતિને વધુ મજબુત કરવા માટે પોતાની ટીમ તૈયાર કરી લીધી છે. બીજી બાજુ કોંગ્રેસે પણ આક્રમક વ્યૂહરચના તૈયાર કરી લીધી છે. આના ભાગરૂપે જ આ પેકેજને ગણવામાં આવે છે. જયરામ રમેશનું કહેવું છે કે કેન્દ્ર સરકાર ગ્રામીણ વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની યોજના ધરાવે છે. બિહારમાં નવા સમીકરણોના સંકેત પણ દેખાઈ રહ્યા છે કારણ કે વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને બિનસાંપ્રદાયિક ગણાવવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં લોકસભાની ચૂંટણીમાં નવા સમીકરણો રચાઈ શકે છે. બિહારમાં ગ્રામીણ વિકાસ માટે તમામ બાબતોને મહત્વ આપવામાં આવી રહ્યુ છે. પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવ્યા બાદ આ પેકેજની જાહેરાત કરાઈ છે.

## અમરનાથ યાત્રા : શ્રદ્ધાળુની ૧૦મી બેચને રવાના કરાઈ

જમ્મુ,તા. ૬

અમરનાથની યાત્રા શાંતિપૂર્ણરીતે ચાલી રહી છે. એક લાખથી વધુ શ્રદ્ધાળુઓ અમરનાથના દર્શન કરી ચુક્યા છે. દરમિયાન જમ્મુ બેજ કેમ્પથી શ્રદ્ધાળુઓની નવી ટુકડી આજે રવાના થઈ હતી. આ નવી ટૂકડીમાં ૩૨૫૦ શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે.ટ

અમરનાથ યાત્રા શરૂ થયા બાદથી હજુ સુધી અમરનાથની ગુફામાં બરફથી બનતા શિવલિંગના દર્શન કરનારાઓની કુલ સંખ્યા એક લાખથી ઉપર પહોંચી ચુકી છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે શ્રદ્ધાળુઓને પૂરતી સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. દરમિયાન ૯૩ વાહનોમાં શ્રદ્ધાળુઓનો નવો કાફલો આજે સવારે ભગવતીનગર બેજ કેમ્પથી રવાના કરવામાં આવ્યો હતો. સવારે પાંચ વાગ્યે જમ્મુમાં બેજ કેમ્પથી આ કાફલો રવાના થયો હતો. શ્રદ્ધાળુઓની આ ટુકડીમાં ૨૪૫૨ પુરુષો, ૭૨૦ મહિલાઓ અને ૨૮ બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ ટુકડીમાં ૫૦ સાધુસંતો પણ જોડાયા હતા. જુદા જુદા વાહનોમાં આ તમામ શ્રદ્ધાળુઓ વહેલીપરોઢે રવાના થયા હતા. આ દસમી ટુકડીમાં શ્રદ્ધાળુઓની સાથે પૂરતી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ રાખવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છેકે અમરનાથ યાત્રા કાશ્મીર ખીણમાં બલતાલ અને પહેલગામમાં બેવડા બેજ કેમ્પથી આગળ વધી રહી છે. આજની બેચ સાથે જ હજુ સુધી અમરનાથ માટે જમ્મુ બેજ કેમ્પથી રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૨૩૩૮૪ પર પહોંચી ગઈ છે. શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. અમરનાથની વાર્ષિક યાત્રા શરૂ થાય તે પહેલા આતંકવાદી હુમલાની ચેતવણી જારી કરવામાં આવી હતી પરંતુ આનાથી શ્રદ્ધાળુઓના ઉત્સાહમાં કોઈ અસર દેખાઈ રહી નથી. છ લાખથી વધુ શ્રદ્ધાળુઓ અમરનાથ માટે નોંધણી કરાવી ચુક્યા છે. પ્રતિકુળ સંજોગોના કારણે અમરનાથ યાત્રા ટૂંકા ગાળા માટે રોકવામાં પણ આવી હતી પરંતુ હવે આ યાત્રા શાંતિપૂર્ણરીતે આગળ વધી રહી છે.

## મણીપુરમાંથી દ્વિતીય વિશ્વયુદ્ધનું હાડપિંજર મળી આવ્યું

ઈમ્ફાલ, તા. ૬

મણીપુરના બિશન જિલ્લામાંથી એક હાડપિંજર મળી આવ્યું છે. તેના વિશે એમ કહેવાય છે કે તે બીજા વિશ્વયુદ્ધમાં માર્યા ગયેલા જાપાનના સૈનિકનું છે. જે વિસ્તારમાંથી હાડપિંજર મળી આવ્યું તે વિસ્તારમાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાન અને બ્રિટન વચ્ચે જોરદાર લડાઈ થઈ હતી અધિકારીઓએ આજે જણાવ્યું હતું કે, ગઈકાલે ફુબાલા ગામમાંથી ખોદકામ કરતી વખતે આ હાડપિંજર મળી આવ્યું હતું આ ગામની આસપાસના વિસ્તારમાં જાપાન અને બ્રિટનની ટુકડી વચ્ચે જોરદાર લડાઈ થઈ હતી. હાડપિંજર એક જાપાની સૈનિકનું હોવાનું જાણવા મળ્યું છે. જો કે હાડપિંજરની નિષ્ણાંતો દ્વારા તપાસ કરવામાં આવશે.

## કિર્તી આઝાદની લંડનના વિમાનીમથકે અટકાયત

નવી દિલ્હી,તા.૬

ભાજપના સાંસદ અને ભૂતપૂર્વ ક્રિકેટર કિર્તી આઝાદની લંડનમાં સૌથી વ્યસ્ત રહેતા હિથ્રો વિમાનીમથકે અટકાયત કરી લેવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો છે. વર્ષ ૧૯૮૩માં વિશ્વ કપ જીતનાર ભારતીય ક્રિકેટ ટીમનો હિસ્સો રહેલા કિર્તી આઝાદની બે કલાક સુધી ચકાસણી કરવામાં આવી હતી. કિર્તી આઝાદની શારીરિક ચકાસણી પણ કરાઈ હોવાનું જાણવા મળ્યુ છે. બિનસત્તાવાર અહેવાલ મુજબ કિર્તી આઝાદના વસ્ત્રો ઉતારીને ચકાસણી કરાઈ હતી. દિલ્હી જતી ફ્લાઈટમાં બેસવાની મંજુરી આપતા પહેલા બે કલાક સુધી કિર્તી આઝાદની પુછપરછ કરવામાં આવી હતી. તેમના ઓફીસ સહાયકો પૈકીના એકે કહ્યુ છેકે કિર્તી આઝાદની અટકાયત કરવામાં આવી હતી કારણ કે વિમાની મથકે સુરક્ષા અધિકારીઓને તેમના નામમાં કેટલીક શંકા ગઈ હતી. કિર્તી આઝાદે અટકાયત કરવામાં આવ્યા બાદ પોતાના સરનેમની નામ વાત કરતા આઝાદ નામ આપ્યુ હતુ જેના લીધે ગુંચવણ ઉભી થઈ હતી. તેમના છેલ્લા નામ આઝાદને લઈને શંકા ઉભી થઈ હતી. સત્તાવાળાઓને કિર્તી આઝાદની પાસેથી લિકવીડની એક બોટલ પણ મળી આવી હતી જે સંબંધમાં જણાવવામાં આવ્યુ હતુ કે આ વિશેષ પ્રકારનું પાણી છે. આઝાદે સંસ્થાઓને ટાંકીને કહ્યુ હતુ કે ઘણા પ્રશ્નો પણ કરવામાં આવ્યા હતા. લંડન વિમાની મથકે ત્રાસ આપવામાં આવ્યા બાદ આઝાદે આ સંબંધમાં નારાજગી વ્યક્ત કરી હતી. જો કે થોડાક સમય સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા બાદ કિર્તી આઝાદને છોડી મુકાયા હતા. કિર્દી આઝાદ આવતીકાલે ભારત પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## મણિપુર : ૧૯ બંડખોરો દ્વારા આખરે શરણાગતિ

ઈમ્ફાલ,તા. ૬

કુકી નેશનલ લીબરેશન ફ્રન્ટના કેટલાક ટોચના લીડરો સહિત ઓછામાં ઓછા ૧૯ ટોચના બંડખોરોએ આજે મ્યાનમાર સાથેની સરહદ પર મણિપુરના ચંડેલ જિલ્લામાં સરહદી શહેર મોરે ખાતે તૈનાત કરવામાં આવેલા આસામ રાઈફલના જવાનો સમક્ષ હથિયારો સાથે શરણાગતિ સ્વીકારી લીધી હતી. સુરક્ષાદળોની આ સફળતાને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. શરણાગતિ સ્વીકારી ચુકેલાઓમાં કેટલાક ટોચના લીડરો પણ સામેલ છે. છેલ્લા ઘણા સમયથી આ લીડરો હિંસાની પ્રવૃત્તિમાં સામેલ હતા. આ બંડખોરોએ શરણાગતિવેળા ત્રણ એમ-૧૬ રાયફલ, એક એમ-૧૫ રાયફલ, બે એકે-૨૨, એક યુએસ કાર્બાઈન અને અન્ય હથિયારો પણ જમા કરાવ્યા હતા. સરકાર સાથે શાંતિ મંત્રણા યોજવા માટે ૩૦ બંડખોર સંગઠન સહિત પાંચ તૈયાર થઈ ચુક્યા છે.

## આસામમાં પૂરની ગંભીર સ્થિતિ : ૧ લાખને અસર

ગુવાહાટી,તા.૬

આસામમાં પૂરની પરિસ્થિતિ હજુ પણ ગંભીર બનેલી છે. આશરે એક લાખ લોકોને માઠી અસર થઈ છે. ભારે વરસાદના કારણે બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનકસ્તરને પાર કરી ચુકી છે. ઘણા લોકો પૂરના સકંજામાં આવી ગયા છે. ધેમાજી જિલ્લામાં સૌથી વધુ અસર થઈ છે. ૧૦ જિલ્લાઓમાં પૂરની અસર થઈ છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. રાજ્યના ઊંચાણવાળા વિસ્તારોમાં સતત ભારે વરસાદ અને પડોશી અરૂણાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે બ્રહ્મપુત્ર નદીમાં પાણીની સપાટી વધી ગઈ છે. જોરહાટ જિલ્લામાં પાણીની સપાટી વધી જતા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

આસામના જે જિલ્લાઓ પૂરના સકંજામાં આવી ગયા છે તેમાં ધેમાજી, ગોલાઘાટ, જોરહાટ, કરીમગંજ, લખીમપુર, મોરીગાવ, કામરુટ, તીનસુખીયા, શિવસાગર, નાગાવનો સમાવેશ થાય છે. ઘણી જગ્યાઓએ નદીઓમાં ગાબડા પડી ગયા છે જેથી મોટી સંખ્યામાં લોકો સકંજામાં આવી ગયા છે. બીજી બાજુ ઉપરી આસામમાં વિશ્વપ્રસિદ્ધ કાજીરંગા નેશનલ પાર્કમાં અસામાન્ય પ્રાણીઓની હાલત પણ કફોડી બનેલી છે. કાજીરંગામાં ૭૦ ટકા વિસ્તારો પાણીના સકંજામાં છે જેથી પ્રાણીઓને કારબી એન્ગલોંગમાં ઉચાણવાળા વિસ્તારો પર લઈ જવામાં આવ્યા છે આ ઉપરાંત પોબીટોરા અભ્યારણ્યમાં પણ પાણી ભરાઈ ગયા છે જેથી પ્રાણીઓને સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે. ધેમાજી જિલ્લામાં પાંચ રાહત કેમ્પો સ્થાપિત કરાયા છે. આગામી દિવસોમાં પણ સ્થિતિમાં સુધાર નહીં થાય તેવી વકી.